# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-04-2026 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## સૈન્ય પ્રદર્શન:

ઓપરેશન સિંદૂરની પહેલી વર્ષગાંઠ પહેલા ભારતીય સેનાએ કચ્છમાં **જમીન અને જળના મોરચા પર** પોતાની શક્તિ, તૈયારીઓ અને આધુનિક યુદ્ધક્ષમતાનું પ્રભાવશાળી પ્રદર્શન કર્યું હતું. એર ડિફેન્સ રેજિમેન્ટ દ્વારા L70 એર ડિફેન્સ ગન અને ડ્રોન ટેકનોલોજીના પ્રદર્શન સાથે દુશ્મનના સંભવિત હુમલાઓને નિષ્ફળ બનાવવાની ક્ષમતા પણ રજૂ કરાઈ હતી. ડ્રોન ટેકનોલોજીના વધતા પ્રભાવ વચ્ચે સેનાએ દેખરેખ, લક્ષ્ય ઓળખ અને જેતે સમયની ગુપ્ત માહિતી એકત્રિત કરવાની ક્ષમતાને વધુ મજબૂત બનાવી હતી. સાથે જ એર ડિફેન્સ સિસ્ટમ્સના ઝડપી પ્રતિસાદ આપવાની ક્ષમતા પણ સામે આવી હતી.

-----------------------------------------------------------------------------------------------

## ચુંટણી પ્રચાર:

જીલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જંગના જાહેર પ્રચારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે વિવિધ પક્ષો દ્વારા ચૂંટણી પ્રચારને વેગ આપવામાં આવ્યો છે.

રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઈકાલે ભુજમાં રોડ-શો યોજ્યા બાદ ઓલ ઇન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદુલ મુસ્લિમીનના રાષ્ટ્રીય અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસી આજે સાંજે ભુજ ખાતે જનસભાને સંબોધશે.

-----------------------------------------------------------------------------------------------

## ખર્ચ ઓબ્ઝર્વરની નિમણુંક:

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંતર્ગત જિલ્લામાં યોજાનારી જિલ્લા પંચાયત મતદાર મંડળ, તાલુકા પંચાયત મતદાર મંડળ અને નગરપાલિકા તથા મહાનગર પાલિકાની ચૂંટણી માટે ખર્ચ ઓબ્ઝર્વર તરીકે સહાયક રાજ્યવેરા કમિશનર તરાલ ફેડાની નિમણૂંક કરવામાં આવી છે.

ખર્ચ ઓબ્ઝર્વરશ્રીના  લાયઝન અધિકારી તરીકે નરેન્દ્રકુમાર માકાસણા તથા મદદનીશ લાયઝન અધિકારી તરીકે તસ્લીમ સુમરા રહેશે તેમ એક યાદીમાં જણાવવું છે.

---------------------------------------------------------------------------------------------

## મતદાન માટે રજા:

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અન્વયે મતદાનના દિવસે કર્મચારીઓ, કામદારોને ખાસ રજા આપવા જિલ્લા કલેક્ટર હુકમ જારી  કરાયો  છે.

આગીમી 26મીએ મતદાનના દિવસે રવિવાર હોવાથી મહાનગરપાલિકા, નગર પાલિકાઓ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં જાહેર રજા હોય છે, પરંતુ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની આવશ્યક સેવાઓ અંગેની કેટલીક કચેરીઓ તેમજ દુકાનો અને વાણિજ્ય એકમો રવિવારના દિવસે પણ ચાલુ હોય છે. જેથી મતદાન યોજનાર છે તેવા વિસ્તારોમાં આવેલી આવશ્યક સેવાઓ તેમજ દુકાનો અને વાણિજય એકમોના કર્મચારીઓ, કામદારો પોતાના મતાધિકારથી વંચિત ન રહે તે માટે મતદાનના દિવસે ચૂંટણી હેઠળના સમગ્ર વિસ્તારમાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારી, કામદારોને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવા અથવા જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં મતદાનના દિવસે રજા આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવા જણાવાયુ છે.

---------------------------------------------------------------------------------------------

## ખરવા-મેવાસા રસીકરણ:

જિલ્લાના પશુપાલન વિભાગ દ્વારા પશુધનને ગંભીર રોગોથી સુરક્ષિત રાખવાના હેતુ સાથે 'ખરવા મોવાસા' રસીકરણની ઝુંબેશ હેઠળ અત્યાર સુધીમાં 7 લાખ 33 હજાર 225 જેટલા ગાય અને ભેંસ સહિતના પશુધનનું રસીકરણ કરવામાં આવ્યું છે. આ સાથે રાજ્યમાં 75 ટકા કામગીરી સાથે કચ્છ પ્રથમ ક્રમે છે.

પશુપાલકોની સગવડતા માટે સરકારી પશુ દવાખાનાઓ ઉપરાંત ગામે-ગામ ખાસ રસીકરણ કેમ્પનું આયોજન કરાઈ રહ્યું છે. જેમાં 6 મહિનાથી ઉપરની વયના તમામ ગાય અને ભેંસ વર્ગના પશુઓને આ રસી વિનામૂલ્યે આપવામાં આવી રહી છે. રસીકરણની પ્રક્રિયાને વેગ આપવા માટે 23 પશુ ચિકિત્સા અધિકારીઓ, 45 પશુધન નિરીક્ષકો અને 150 પેરાવેટ્સની ટીમ નિમણુંક કરવામાં આવી છે. રસીના જથ્થાને સુરક્ષિત રાખવા માટે તાલુકા કક્ષાએ કોલ્ડ ચેઈન જાળવવામાં આવી છે અને કોઈ પણ કટોકટી માટે વધારાનો જથ્થો અનામત રાખવામાં આવ્યો છે.

નાયબ પશુપાલન નિયામક ડૉ. આર. ડી. પટેલે જિલ્લાના તમામ પશુપાલકોને પોતાના પશુધનને આ રસી અપાવી ખરવા મોવાસા જેવા જીવલેણ રોગ સામે રક્ષણ અપાવવા અનુરોધ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, પશુઓમાં જોવા મળતો ખરવા-મોવાસા એ એક અત્યંત ચેપી વિષાણુજન્ય રોગ છે, જે પશુધનને ગંભીર શારીરિક નુકસાન પહોંચાડે છે. આ રોગ સામે સમયસર રસીકરણ કરાવવાથી પશુઓમાં મજબૂત રોગપ્રતિકારક શક્તિ કેળવાય છે, જે તેમને આ જીવલેણ સંક્રમણથી સુરક્ષિત રાખે છે.

આ ખાસ ઝુંબેશની શરૂઆત પહેલી માર્ચથી કરવામાં આવી હતી. આ અભિયાન હેઠળ 30 એપ્રિલ સુધીમાં સમગ્ર જિલ્લાના અંદાજે ૯ લાખ ૮૬ હજાર જેટલા ગાય અને ભેંસ વર્ગના પશુઓને રસી આપવાનું આયોજન છે.

---

## દયાપર ટ્રકમાં આગ:

લખપત તાલુકાના દયાપરથી એકાદ કિલોમીટરના અંતરે દોલતપર તરફથી આવી રહેલા ટ્રકમાં અચાનક આગ લાગી હતી. હાઈવે પર આવેલા પોલીસ મથક નજીકથી પસાર થઈ રહેલા ચિનાઈ માટીના પાઇપ ભરેલ આ ટ્રકમાં આગના બનાવને લઈને જીએમડીસી પાનધ્રો

તેમજ ઉંમરસરમાં જાણ કરતા ફાયર ફાઈટર દોડી આવ્યા હતા. અને સળગતી ટ્રક પર પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવામાં આવી હતી.

હાઇવે પર બનેલા બનાવને લઈને રસ્તાની બંને તરફ વાહનોને લાંબી કતાર લાગી ગઈ હતી.

----------------------------------------------------------------------------------------------------

## હવામાન:

જીલ્લામાં આગામી 24 કલાક દરમિયાન તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ત્રણ દિવસ દરમિયાન તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. એટલે ગરમીમાં વધારો થવાની શક્યતા છે. બે દિવસ દરમિયાન દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળી હવા રહેવાની પણ સંભાવના છે.

----------------------------------------------------------------------------------------------------